અપીલ અરજી નં.૩૭૫ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૪–૧૦–૧૧ની અરજીથી ટી.પી.૭(આંજણા),ફા. પ્લોટ નં.૧૩૪,૧૩૫ પર ઉભું થયેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉનના બાંધકામો બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે તૈયાર થયેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉન પૈકીના છેલ્લા પાંચ વર્ષમાં જે જે મિલકતધારકોને ગેરકાયદે બાંધકામ અટકાવવા અંગે કે બાંધકામો દુર કરવા અંગે જેટલી નોટીસો પાઠવી તે તમામ નોટીસોની નકલો આપશો તથા આ નોટીસો પાઠવ્યા બાદ આપના વિભાગ તરફથી કઈ કઈ મિલકતોનું ડિમોલેશન કરવામાં આવ્યું તેની મિલકતધારકોના નામ,પ્લોટ સહિતનું પુરૂ એડ્રેસ તથા વહીવટી ચાર્જ વસુલ કરેલ રકમની વિગતવાર માહિતી વિ.મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૫/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૪–૧૦–૧૧ની અરજીથી ટી.પી.૭ (આંજણા),ફા.પ્લોટ નં.૧૩૪,૧૩૫ પર ઉભું થયેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉનના બાંધકામો બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે તૈયાર થયેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉન પૈકીના છેલ્લા પાંચ વર્ષમાં જે જે મિલકતધારકોને ગેરકાયદે બાંધકામ અટકાવવા અંગે કે બાંધકામો દુર કરવા અંગે જેટલી નોટીસો પાઠવી તે તમામ નોટીસોની નકલો આપશો તથા આ નોટીસો પાઠવ્યા બાદ આપના વિભાગ તરફથી કઈ કઈ મિલકતોનું ડિમોલેશન કરવામાં આવ્યું તેની મિલકતધારકોના નામ,પ્લોટ સહિતનું પુરૂ એડ્રેસ તથા વહીવટી ચાર્જ વસુલ કરેલ રકમની વિગતવાર માહિતી વિ.મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે નકલ સહ વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૮૧ તા.૧૬–૧૧–૧૧ થી** સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આરટીઆઈ/ આ.નં.૨૪૮૬ તા.૧–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૧૯ તા.૫–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં.૨૪૭૭ તા.૩૦–૧૧–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન /મહેકમ/ આ.નં.૨૦૧૭ તા.૨૫–૬–૦૭ ની મનાઈ હુકમની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં. ૨૦૧૮ તા.૨૫–૬–૦૭ કલમ–૨૬૦(૧) મુજબનો નોટીની નકલ, પત્ર નં.ટીડીઓ/૫૬૦૩ તા.૬–૧૧–૦૭ થી બાંધકામ દુર કરવા અંગેની નોટીસની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીથી ટી.પી.૭(આંજણા),ફા. પ્લોટ નં.૧૩૪,૧૩૫ પર ઉભું થયેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉનના બાંધકામ બાબતે આપેલ નોટીસો અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૧૯ તા.૫–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં ઉપરોકત સ્થળે તૈયાર થયેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉન પૈકીના છેલ્લા પાંચ વર્ષમાં જે જે મિલકતધારકોને ગેરકાયદે બાંધકામ અટકાવવા અંગે કે બાંધકામો દુર કરવા અંગે જેટલી નોટીસો પાઠવી તે તમામ નોટીસોની નકલો આપશો તથા આ નોટીસો પાઠવ્યા બાદ આપના વિભાગ તરફથી કઈ કઈ મિલકતોનું ડિમોલેશન કરવામાં આવ્યું તેની મિલકતધારકોના નામ,પ્લોટ સહિતનું પુરૂ એડ્રેસ તથા વહીવટી ચાર્જ વસુલ કરેલ રકમની વિગતવાર માહિતી. મંદ્દા નં.(૨) ઉપરોકત સ્થળે તૈયાર થયેલ ટ્રાન્સપોર્ટ ગોડાઉનનો વિસ્તાર કયા ડે. ઈજનેર અને જુની. ઈજનેરના અન્ડરમાં આવે છે તેની વિગતો આપશો. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૭૭ તા.૩૦–૧૧–૧૧

થી નિયત સમય અવધિમાં અરજદારને " ટીપી સ્કીમ નં.૭ (આંજણા) ફા.પ્લોટ નં.૧૩૫ માં ગેરકાયદેસર બાંધકામ બાબતે આપવામાં આવેલ નોટીસની નકલો (૧) પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૦૧૭ તા.૨૫–૬–૦૭ ની મનાઈ હુકમની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૦૧૮ તા.૨૫–૬–૦૭ કલમ–૨૬૦(૧) મુજબનો નોટીની નકલ, પત્ર નં.ટીડીઓ/૫૬૦૩ તા.૬–૧૧–૦૭ થી બાંધકામ દુર કરવા અંગેની નોટીસની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડેલ છે પરંતુ મુદ્દા નં.૨ ની માહિતી સદર ટ્રાન્સપોર્ટ ગોડાઉન વિસ્તાર કયા ડે.ઈજનેર તથા જુ. ઈજનેરની અન્ડર આવે છે તેવી વિગતો આરટીઆઈ એકટની કલમ–૪(૧) (ડી) હેઠળ સ્વયં પ્રકાશિત કરવા યોગ્ય કક્ષામાં આવે છે તેથી જો તે સુરત મહાનગપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરેલ હોય તો તેની વિગત અથવા હકીકતલક્ષી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામાં રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદૃ નં.૨ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,